

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ખોદાય છે કૂવા બાળકો માટે રસી શોધાય છે,*
*મફત રસીને માટે હજી તો નામ નોંધાય છે,*
*રસી છે પાદરેની અફવાથી થાય છે ધમાધમ !*
*લૂખ્ખાં આશ્વાસને થાકી ધીરજ, શ્વાસ રૂંધાય છે.*

### હાઈકુ

*આયોજનના*
*પ્રાણવાયુ વગર -*
*મૂંઝાય તંત્ર!!*
*(ડોઝ વિના ચઢ્યું ઝોકે)*

*લપોડી ફૂંકે*
*ખડખડે છે ખાલી*
*વાગે છે શંખ*
*(વિશ્વમાં વિક્રમી ઝડપ)*

### ચિંતન

*નિન્દન્તુ નીતિ નિપુણા યદિ વા સ્તુવન્તુ લક્ષ્મીઃ*
*સમાવિશતુ ગચ્છતુ વા યથેષ્ટમ્ ।*
*અદ્યૈવ વા જારણ મસ્તુ યુગાન્તરે વા ન્યાય્યાત્ પથઃ*
*પ્રચલન્તિ પદં ન ધીરાઃ ॥*

**ઉપરોક્ત શ્લોક નીતિ શતકમાંથી લેવામાં આવેલ છે.**

**પરિસ્થિતિ ગમે તેવી પલટાતી રહે, મુશ્કલીઓ આવે કે જાય, પરંતુ ધીરજવાન પુરુષો કદાપિ નીતિ-ન્યાયના માર્ગ પરથી વિચલિત થતા નથી.**

**નીતિપૂર્ણ લોકો નિંદા કરે કે પ્રશંસા, લક્ષ્મી ધન પૈસા આવે કે જાય, અને મૃત્યુ આજ આવે કે યુગ પછી - પરંતુ ધીર પુરુષો કોઈ પણ સંજોગોમાં ન્યાય-નીતિ-ધર્મના માર્ગ પરથી એક ડગલું પણ ડગતાં નથી અર્થાત્ નીતિમય રસ્તાઓ કદાપિ ત્યાગ કરતા નથી, સંજોગો સામે હારી જતાં નથી, તેઓ વીરતા પૂર્વક સામનો કરે છે.**

### સુવિચાર

- ક્ષમા અસમર્થ મનુષ્યોનો ગુણ છે, તો સમર્થ મનુષ્યોનું ઘરેણું છે - **વિદુરનીતિ**
- તમે શું મેળવ્યું એ સફળથા નથી, પણ તમે જે વિરોધો વચ્ચે, તકલીફો વચ્ચે જે હિંમત રાખી હોય છે એ સાચી સફળતા હોય છે - **જીવન પાથેય**
- કભી ફુરસત મેં અપની કમિયોં પર ગૌર કરના દૂસરો કે આઈને બનને કી ખ્વાહિશ મિટ જાયેગી - **ઓશો**
- આપણી ખુશીનો સ્રોત આપણી અંદર જ છે, આ સ્રોત અન્ય પ્રતિ સંવેદના દ્વારા વૃદ્ધિ પામે છે - **દલાઈ લામા**
- વિશ્વાસ હંમેશા એવા પર મુકો, કે એ મૂક્યા પછી તમારો શ્વાસ સદ્ધર ના રહે - **બોધિવૃક્ષ**
- બળબળતો તાપ છોડીને છાંયડે કેમ જાઉં ? મારા પડછાયામાં પતંગિયું સૂતું છે, ઘરની દરેક જવાબદાર વ્યક્તિને અર્પણ - **નવનીત**
- આજનું ઔષધ : ગોખરું ચૂર્ણ મધ સાથે ચાટી ઉપર ઘેટીનું દૂધ પીવાથી સાત દિવસમાં પથરીનો ભૂકો થઈ પેશાબ વાટે નીકળી જાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજાએ ખોદકામમાં મળેલો એક ચમકદાર પથ્થરનો ટૂકડો દરબારમાં મૂકીને કહ્યું, 'આ પથ્થરની પરીક્ષા કરવાની છે. આ હીરો છે કાચ કે પથ્થર?' એક પછી એક સૌ દરબારીઓએ પથ્થરને હાથમાં લઈ નિરીક્ષણ કર્યું. કેટલાક ઝવેરીઓ, નિષ્ણાતો ને પણ સમજવામાં તકલીફ પડી. કોઈ સ્પષ્ટ જવાબ આપી શક્યું નહીં. છેવટે એક દરબારી નગરના એક પ્રજ્ઞાચક્ષુ (અંધ) માણસને આ પથ્થરની પરીક્ષા કરવા દરબારમાં લાવ્યા. અંધ માણસે હાથમાં હીરો લીધો પછી તરત બોલ્યો, 'આ કાચનો યુકડો કે પથ્થરનો પદાર્થ નથી, સાચો હીરો છે.' રાજએ પૂછ્યું, 'અમે જે પથ્થર ને જોઈને પારખી શકતા નથી અને તમે પ્રજ્ઞાપક્ષુ થઈને કેવી રીતે તેને પારખી શક્યા??' અંધ માણસે જવાબમાં કહ્યું, 'મહારાજ, સૂર્યનાં કિરણો અહીં એની પર પડે છે, છતાં આ હીરામાં તેની ગરમી ઉતરી નથી. તેથી હું ખાત્રીપૂર્ક કહી શકું છું કે આ સાચો હીરો છે!' રાજાએ પ્રજ્ઞાચક્ષુને પુરસ્કૃત કરી વિદાય આપી. સાચો માણસ સાચા હીરા જેવો હોય છે. તેના પર મુસીબતોની ગરમીની અસર થતી નથી. કાચના ટુકડા જેવા માણસો નાની નાની મુસીબતોમાં તાપી જાય છે. સાચા હીરા અંધારામાં ઝળહળી ઊઠે છે.

# ઉત્તરાખંડમાં નેતૃત્વ બદલાવ

**તંત્રીસ્થાનેથી...**

ઉત્તરાખંડ માટે 'દેવભૂમિ' વિશેષણ વપરાય છે. ગુજરાતમાં દ્વારકાને અલગ જિલ્લો બનાવી એની આગળ આ જ વિશેષણ મુકાયું તો એનું અનુકરણ છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ અને વિશ્વ હિંદુ પરિષદની જ વિચારધારાનું ચાર મહિના પૂર્વે નિયુક્ત મુખ્યમંત્રી તીરથસિંહ બોલકું પ્રતિપાદન કરી રહ્યા હતા. એમણે ગંગાજીની પવિત્રતા અને ચમત્કારિક ક્ષણતાને બિરદાવી હતી અને કુંભ મેળામાં ગંગા મૈયા જ સાધુ સંથો તથા શ્રદ્ધાળુઓનું રક્ષાકવચ બની રહેશે એવાં સ્વસ્તિવચનો ઉચ્ચાર્યા હતા. કુંભમેળાને નિઝામુદીન ખાતે મરકજ સાથે સરખાવવામાં કોઈ જ ઔચિત્ય નથી એવું નિવેદન પણ એમણે કર્યું હતું. તીરથસિંહ રાવત સોહામણા, પ્રમાણમાં યુવાન અને વિચારધારાને વરેલા સાંસદ હતા અને એમના પૂર્વસૂરિ ચમોલી દુર્ઘટનામાં નિષ્ફળ ગયા હતા. મુખ્યમંત્રી તરીકે નવો, આકર્ષક ચહેરો પ્રજા સમક્ષ મૂકવો જરૂરી હતો. ઉત્તરાખંડમાં ક્ષત્રિય સિવાય ચાલે એમ નહોતું. બહુગુણા બ્રાહ્મણ હતા, એમની રગોમાં હેમવતીનંદન બહુગુણા જેવા વિચક્ષણ નેતાનું લોહી વહેતું હતું પણ એ ન ચાલ્યા, એક માત્ર બ્રાહ્મણ નેતા ચાલ્યા તે એન.ડી. તિવારી, જે કોંગ્રેસના ધુરંધર નેતા હતા. કેન્દ્રમાં સિનિયર કૅબિનેટ મંત્રી તરીકેની અને ઉત્તરપ્રદેશના સફળ મુખ્યમંત્રી તરીકેની કારકિર્દી પછી અનૌરસ પુત્ર સામે અદાલતમાં હારી જતાં એમના ધોળામાં ધૂળ પડી હતી. નહીંતર એક સમયે એમનું નામ ભારતના વડાપ્રધાનના હરીફ તરીકે પણ લેવાતું હતું. ઉત્તરપ્રદેશનો એક પહાડી ટુકડો ઉત્તરાચંલ અને પછી ઉત્તરાખંડ તરીકે જુદો પડ્યો એથી એમનું વજૂદ જોખમાયું હતું. હમણાં ઉત્તરાખંડ વિધાનસભાની ચૂંટણી નજીક છે અને કેન્દ્રના ઈશારે ચૂંટણીપંચ છ મહિનામાં સાંસદ તીરથસિંહને વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટી શકે એમ નથી. નાનું રાજય હોઈ ત્યાં વિધાન પરિષદ નથી નહીંતર ઉદ્ધવ ઠાકરેની જેમ તીરથસિંહ આરામથી ઉપલા ગૃહના સભ્ય બની શક્યા હોત. આ તો એક હાથવગું બહાનું છે અને મોં છુપાવવા માટે એ પાર્ટીને તથા તીરથસિંહને ખપ લાગ્યું છે. ખરું કારણ તો તીરથસિંહનાં વિવાદાસ્પદ નિવેદનોથી ઊભી થયેલી નારાજગી છે એમને તો મોદીજીને સારું લગાડવા જ રામ અને કૃષ્ણ સાથે સરખાવ્યા હોય, પણ એથી એ હાસ્યાસ્પદ બની ગયા છે. ભવિષ્યમાં રામની જેમ નરેન્દ્ર મોદીજીનાં પણ મંદિર બનશે અને તેઓ પૂજાશે એમ કહેવાથી ખુદ ચુસ્ત હિંદુત્વવાદીઓની આસ્થાને ઠેસ પહોંચી છે. રામ તો વિષ્ણુના અવતાર છે - ભગવાન છે . મોદી બહુ બહુ તો મહાપુરુષોની પંગતમાં બેસી શકે. એમને સ્ત્રીઓ વિશે કરેલાં વિધાનો પણ ચર્ચાસ્પદ બની ગયા હતાં. જયપુરથી દિલ્હી જતાં વિમાનમાં પડખે બેઠેલી મહિલાનું એમણે નખશિખ નિરીક્ષણ કર્યું અને ઘૂંટણ પર ફાટેલા જિન્સ પહેરવા બદલ જાહેરમાં ટીકા કરી. આધુનિક મહિલાઓને એમના વસ્ત્ર પરિધાન મુદ્દે ટીકા ટિપ્પણ થાય તે પસંદ નથી આવતું. મહિલા સાંસદોએ એની નોંધ લીધી અને તીરથરાજને ભોંઠા પાડી દીધાં. ખાવું-પીવું - પહેરવું એ બંધારણીય મૂળભૂત અધિકાર હેઠળ આવતી બાબતો છે. બિચારા તીરથરાજ ભારતીય સંસ્કારોની તરફેણ કરવામાં ભારતીય સંસ્કૃતિની રખેવાળ એવી કેન્દ્ર સરકારનો ખોફ વહોરી બેઠા. એમનાં વિધાનો ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશના ક્ષત્રિય સમાજને તો ઔચિત્યપૂર્ણ લાગ્યા. મુઝફ્ફરનગરમાં ક્ષત્રિય સમાજે ચડ્ડા બડ્ડા કે જિન્સ પહેરવા પર સખત પ્રતિબંધ ફરમાવી દીધો છે. પરંતુ બૌદ્ધિક વર્ગમાં તીરથરાઝ હાસ્યાસ્પદ બની રહ્યાં. ઓછામાં પૂરું એમણે ઐતિહાસિક અજ્ઞાન રજૂ કરી દીધું કે ભારત પર અમેરિકાએ બસો વર્ષ રાજ કર્યું એથી આપણે એમની સંસ્કૃતિનું અનુકરણ કરતા થઈ ગયા છીએ. બ્રિટનની જગ્યાએ અમેરિકા બોલાઈ ગયું એને આપણે કદાચ જીભ લપસી એમ કહી જતું કરીએ, પણ છિદ્રાન્વેષી મીડિયા થોડું છોડે ? આખરે તીરથરાજને પાણીચું પકડાવી જ દેવાયું છે. હવે ચૂંટણીના ચહેરા તરીકે થોડો વધુ ધીરગંભીર ચહેરો શોધાઈ રહ્યો છે.

# તું....રંગાઇ જાને રંગમાં !

'હે પરમપિતા પરમાત્મા ! હું કૃપાપાત્ર ના હોવા છતાં પણ તારી પૂર્ણકળામાંથી આ નાનકડો અંશ મારામાં મૂકી મને ભજનની બક્ષિશ આપીને મારા પર કેટલી અપાર કૃપા કરી ?' આ ઉદગાર છે સંતવાણીના સાધક, આરાધક હેમંત ચૌહાણના... દરેક વ્યક્તિમાં કોઈને કોઈ કળા, વિશેષતાનો અંશ સૃષ્ટિના સર્જનકર્તાએ મૂક્યો જ હોય છે પણ કસ્તુરી મૃગ માફક ખુદમાં રહેલી સુગંધને અન્ય જગ્યાએ શોધવા નીકળે છે !

પણ ખુદની કળા,સુંગધ પામી જઈ જગમાંહે પ્રસાદી માફક સ્વર સ્વરૂપે વહેંચતા ગુર્જર ગિરાના ગૌરવરૂપ ભજન પરંપરાના વાહક, લોકગાયક હેમંત ચૌહાણના જીવન અને સ્વર સાધના આધારિત 'સંત વાણીના સાધક આરાધક હેમંત ચૌહાણ' ગ્રંથનું શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે વિમોચન થયું.

ગુજરાતની અગ્રગણ્ય શૈક્ષણિક સંસ્થા, જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગરના નવનિર્મિત પરિસર 'અભિ વ્યક્તિ'ના ખોળામાં ત્રિવિધ કાર્યક્રમ સંપન્ન થયો. જેમાં ગ્રંથ વિમોચન, ઓપન થીયેટર જેવા 'અભિવ્યક્તિ' નું ઉદઘાટન અને નિવૃત સમેત બઢતી પામેલાં અધિકારીઓનું અભિવાદનનો સમાવેશ થતો હતો.

જ્યાં કવિ, કલાકાર,સારસ્વતોનું સન્માન થાય અને ગ્રંથો પ્રાગટ્ય સ્વરૂપ પામે તેમજ પદોન્નતિની પ્રશંસા જે સમાજ કરી શકે તે સમાજ,સંસ્થાને વિકાસ સાથે સંસ્કાર સંપન્ન થયાના સો ગુણ આપી શકાય. આવા મૂલ્યવર્ધક અને માનવ સંવેદનને સંકોરનારા સમાચાર મોટાભાગે હાંસિયામાં ધકેલાઈ જતા હોય છે. કોઈ મીડિયા નોંધ લે ન લે પણ આવા કાર્યની સમાજમાં સારી અસર પડતી હોય છે. કોઈ હૈયામાં ટમટમતા સમજ, સારપને સંવેદનના દીવડામાં દિવેલ પૂરવા સમાન નીવડે છે. જેને સામાજિક ઉપલબ્ધિ ગણી શકાય. મૂળતો આ શિક્ષણનું કામ છે ને શિક્ષણની સંસ્થા જીસીઈઆરટીએ કર્યું... તે વિશેષ નોંધનીય રહ્યું છે.



**આરપાર**

રાઘવજી માધડ

જેમના સ્વરને માણવા, સાંભળવા ખુદ પ્રકૃત્તિ પણ એક કાને ને ધ્યાને થઈ જાય, સ્થળ-કાળ થંભી જાય... એવા ભજનિક હેમંત ચૌહાણ ભજનને જીવ્યા છે.ભજન ગાયું નથી પણ ભજન કર્યું છે.ભજનની પ્રસ્તુતિ વેળાએ સ્વર-શબ્દમાં ઓગળી,એકાકાર થઈ જવું બહુ ઓછા કલાકારોને સાધ્ય હોય છે. પણ હેમંતભાઈમાં સ્વયંસિદ્ધ રહ્યું છે. મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ખરું જ કહ્યું :'હેમંતભાઈની સફળતાનું રહસ્ય તેઓ કામને ઓન કરે છે. ભજનમય, ઓતપ્રોત થઈ જાય છે. હેમંત ચૌહાણ આપનું ઘરેણું જ નહી, ગુજરાતનું ગૌરવ છે.

શ્રી રવિ-ભાણ સાહેબ ગુરુગાદી,કહાનવાડીના મહંત,ભજનમર્મી ને સર્જકશ્રી દલપત પઢીયારે તેઓની મર્મવેધી વાણીમાં કહ્યું હતું:'ભજન કોઈને ચઢે છે, કોઈને અડે છે પણ ભાગ્યે જ કોઈને જડે છે...પણ હેમંતભાઈમાં બધું જ છે.માણસાઈની મૂડીમાં પોતાના વરસોના સંબંધ વિશે કહે છેઃ 'આજે પણ પહેલી વાર જેવો જ ભાવ જળવાઈ રહ્યો છે.' ભજન તત્વ આકાશથી પાતાળ સુધી એકતાર કરી આત્માને જોડે છે.

ગ્રંથનું સંપાદન સુરેન્દ્રનગર જિલ્લાના પ્રાચાર્યશ્રી સી.ટી.ટુંડિયા ને પ્રકાશન મહંતશ્રી શંભુનાથજી, સંતશ્રી સવૈયાનાથ સમાધિસ્થાન-ઝાંઝરકાધામ (તા.ધંધુકા, જિ.અમદાવાદ) કર્યું છે.આવી દેહાણ જગ્યાઓના ઉલ્લેખ સાથે ગુજરાત ગુરુબ્રાહ્મણ સમાજના પ્રમુખશ્રી ગૌતમ ગેડિયાએ,ભારતીય સંસ્કૃતિના જતન અને સંવર્ધનમાં આવી દેહાણ જગ્યાઓનું મોટું પ્રદાન છે.જયારે હેમંતભાઈએ ભજન પરંપરાને જાળવવાનું કામ કર્યું છે. ઘોઘાવદરના સંત દાસી જીવણના ભજનો સાથે અન્ય ભજનાવલિને પણ ઘર ઘર ગુંજતી કરી છે.

કોરોના કાળમાં શ્રોતાઓ ઓછો હતા પણ જરાય અધૂરા નહોતા. જેઓના મનમંદિરમાં શિક્ષણ ધસ્યુંને વસ્યું છે એવા જીસીઈઆરટી નિયામક ડો. જોશીએ તદ્દન ઓછા શબ્દોમાં આતિથ્યભાવના પુષ્પો વેર્યા હતા. પ્રેરક ઉપસ્થિતિમાં પૂર્વનિયામકશ્રી રાવલ,નિયામકશ્રી પ્રફુલ્લ જલુ, સચિવશ્રી ગોસાઈ, પ્રાચાર્યશ્રી પોરા ણિયા,શ્રી હરેશ ચૌધરી સમેત સમગ્ર રાજ્યમાંથી શિક્ષણના સંવાહકો હતા. જેઓ વક્તા તરીકે હોય પણ અહીં તો ભજન માણવા, શ્રોતાઓની ભૂમિકામાં હતા.નહિતર કયારેક એવું બને,મુખ્યભાગ રહી જાય ને મોટાભાગ નો સમય વકતાઓમાં ખર્ચાય જાય... પીવાનું પાણી હાથ ધોવામાં વપરાય જાય ! ન બોલવાનો સંયમ પણ કેળવી શકાય એવો હોય છે. અહીં વક્તાઓનો શબ્દોને ગાગરમાં સાગર સમાવવાનો પ્રયાસ સરાહનીય હતો.સોનાના ઘરેણાં જેવા આ કાર્યક્રમમાં ઝાલાવાડ ટીમ દ્વારા ઉદઘોષક તરીકે શ્રી પ્રવીણભાઈ ખાચર, લોકસાહિત્યમાં પ્રસ્તુતિ શ્રી અંબારામ સાજીંદામાં શ્રી જરગેલા... વગેરેની પ્રસ્તુતિ કલામય રહી હતી.

છેલ્લે :

હું 'તું...રંગાઈ જાને રંગમાં...' ભજન ગાતો હતો ત્યાં એક ફકીર જેવો માણસ સ્ટેજ પર ધસીને કહી ગયો : તું...રંગાઈ જાને ! મને ચોંટદાર વચન આપી ચાલ્યો ગયો.

- હેમંત ચૌહાણ

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

# આવો, નવા યુગમાં નવું સાહસ કરીને આપણી દુનિયા બદલીએ

કોરોનાની વૈશ્વિક મહામારી આમ જોઈએ તો મારી દૃષ્ટિએ વૈશ્વિક મહાક્રાંતિનો મહાકાળ હતો. જેણે આપણી ભૂલાતી જતી આંતરિક સંસ્કારધારાને ફરીથી જાગૃત કરી દીધી છે. જેણે મૃત્યુનો મહાતાંડવ જરૂર ખેલ્યો છે પણ સાથે લાખો જીવનદાનનો મહાયજ્ઞ પણ કર્યો છે. કોરોનાએ ક્યાંક આંસુઓની ધારાઓ વહાવી છે તો ક્યાંક સુકાઈ ગયેલી સંવેદનાના કૂણા અંકૂરો પણ ઉગાડ્યા છે. એણે માત્ર મહાવિનાશ નથી વેર્યો પણ મહાસર્જન પણ કર્યું છે. આ કોરોના સમયખંડ પાસેથી સમગ્ર માનવજાત જેટલું શીખી છે તેટલું સમગ્ર વિશ્વના સાહિત્ય કે ફિલ્મો કે વિજ્ઞાન કે ધર્મમાંથી પણ નથી શીખી. એ શું ઐશ્વરિય વરદાન નથી ? માત્ર જીવન જ ઉત્સવ નથી. મૃત્યુ પણ ઉત્સવ છે. ખરેખર મૃત્યુ એ તો માનવજાતની બ્રાન્ડને હાઈલાઈટ કરે છે. પ્રસ્થાપિત કરે છે.

વિશ્વની બધી જ પરંપરાના ગર્ભમાંથી જ પરિવર્તનનું બાળક જન્મે છે. અને દોડતું થાય છે. જીવનમાં જેટલું મહત્વ પરિવર્તનનું છે તેટલું જ મહત્વ પરંપરાનું પણ છે. કેમ કે પરંપરા પથદર્શક બને તો જ પરિવર્તન સફળ બને છે નહિતર એના દૂષ્પરિણામો પણ આવે છે. વ્યક્તિના જીવનમાં આ બન્નેનું સ્થાન હોવું જરૂરી છે. આજે ૨૧મી સદીના સમયે પણ આપણા સંસ્કાર, આદર્શો, શિક્ષણ, પારિવારિક પ્રથા અને વ્યવસ્થાઓ, સામાજિક રીતિ રિવાજો, ધાર્મિક શ્રદ્ધા, આ બધી પરંપરાઓ એટલી જ મૂલ્યવાન છે તો વળી સાથે સાથે નવા શરું થયેલા ઈન્ટરનેટ યુગ, સોશિયલ મીડિયાના યુગે આખી દુનિયાને બદલી નાખી છે. છેલ્લા વીસ વર્ષની પરિવર્તનની આંધીએ આપણી અનેક જૂની પરંપરાઓના મૂળિયા ઊખેળી નાખ્યા છે. માનવજાતના ડીએનએ સુધી એની અસર થઈ ચૂકી છે. એ સત્ય પણ સ્વીકારવું પડે.

આમ જોઈએ તો આપણે ખરેખર જીવનને સમજતા જ નથી. માત્ર જીવીએ છીએ. અને જેટલી સમજણ પડે છે એમાં મોટેભાગે દુઃખ અને પ્રશ્નો લઈને ફરીએ છીએ. ઘણાય લોકો જીવનને સમસ્યાઓનું, પ્રશ્નોનું પેકેજ બનાવી દે છે. જે ખરેખર ફૂલોથી ભરેલું હોવું જોઈએ. સંસારમાં જે કાંઈ પ્રશ્નો કે દુઃખ કે પીડા છે તે માત્ર પ્રકૃત્તિના સિદ્ધાંતોને નહીં સમજવાના કારણે છે. માનવ એવું માની બેઠો છે કે તે જે કાંઈ કરી રહ્યો છે તે તેની પોતાની તાકાતથી કરી રહ્યો છે. શક્તિશાળી માણસ ગમે ત્યારે ગમે તેને મારી શકે છે. હરાવી શકે છે. અહીં સુધી તો કદાચ ક્ષમ્ય હતું પરંતુ જ્યારે માણસે પ્રકૃત્તિને પડકાર ફેક્યો છે ત્યારથી બધા અનિષ્ટો થવાના શરું થયા છે. બાકી તો પ્રકૃત્તિના સિદ્ધાંતો બહું સરળ છે. આપણે અહીં જે કાંઈ કરીએ છીએ એ જ આપણને પાછું મળે છે. આપણે કોઈને જે કાંઈ આપીએ છીએ તે જ આપણને પરત મળે છે. માન સન્માન આપીશું તો એ મળશે અને અપમાન કે તિરસ્કાર આપીશું તો એ મળશે. કુદરતનો કાયદો હંમેશાં ન્યાય કરે છે. જો સત્કર્મથી ધન મેળવેલું હશે સાત પેઢી સુખથી ભોગવશે અને જો દૂષ્કર્મથી, અનીતિથી કે ભ્રષ્ટાચારથી ધન મેળવેલું હશે તો સાત પેઢીને ભોગવવું પડશે. શબ્દ એક જ છે બસ અર્થ બદલાઈ જાય છે. આપણા સંતાનો આપણા ધનને કંઈ રીતે ભોગવે એ આપણે નક્કી કરવાનું છે. જીવનનું આટલું સત્ય દરેક માનવી સમજી લે તો કોઈ મોટા મોટા ધર્મગ્રંથો વાંચવાની જરૂર નથી. જીવન ઉત્સવ બની જાય છે. આપણે કદાચ બીજા લાખો લોકોને છેતરી શકીશું પણ પ્રકૃત્તિને ક્યારેય નહીં છેતરી શકીએ. એ આપણો બધો જ હિસાબ - કિતાબ રાખે છે. એનો નિયમ છે કે દડો જેટલા જોરથી દીવાલ ઉપર ફેકીશું એટલા જ જોરથી એ આપણી તરફ જ આવે છે. બસ. આ જ જીવનનો કુદરતી નિયમ છે.

જીવનને ઉત્સવ બનાવવા માટે કશું જ કરવાની જરૂર નથી. એ ઉત્સવ જ છે. બસ માત્ર મનને ચોખ્ખું કરવાની જરૂર છે. મજબૂત કરવાની જરૂર છે. નવી દૃષ્ટિ કેળવવાની જરૂર છે. આપણા સૌનો સૌથી મોટો પ્રોબ્લેમ એ છે કે આપણે આપણા નિષ્ફળ જીવનમાં પણ હંમેશાં આપણો જ નિર્ણય માનતા આવ્યા છીએ. આજે કોરોનાકાળ પછી પૈસાની જરૂરિયાત કેટલી છે એ સૌને ખબર પડી ગઈ. અને પૈસો કમાવવા માટે તો આપણે સૌ મહેનત કરીએ છીએ. કામ કરીએ છીએ. આપણે સૌ ઈચ્છીએ છીએ કે આપણો પરિવાર સમૃદ્ધ બને, પરંતુ આપણે કમાઈએ છીએ માત્ર દસ વીસ હજાર. જો તમે છેલ્લા પાંચ, દસ કે પંદર વર્ષથી એક જ સ્થિતિ, પરિસ્થિતિમાં જીવતા હોય તો આ સ્થિતિના જવાબદાર તમે અને તમારા નિર્ણયો જ છે. કેમ કે તમારી સમજણ મુજબ, તમારા અભ્યાસ મૂજબ, તમારા અનુભવો મુજબ કે તમારી બુદ્ધિ મુજબ તમે તમારા જીવનના નિર્ણયો કરતા હશો અને એ મુજબ નોકરી કે ધંધો કરીને કમાઈને પરિવારનું પુરું કરતા હશો. પણ શું તમારા દરેક નિર્ણયો સાચા જ હતા ? શક્ય છે કે ક્યાંક તમારી સામે કોઈ મોટી તક આવી હોય અને તમે તમારા શંકાશીલ સ્વભાવને કારણે કે ભૂતકાળના ખરાબ અનુભવને કારણે એ તકને ના સ્વીકારી હોય. અથવા ક્યાંક તમારી લાલચને કારણે, અણસમજને કારણે ઘણું ગુમાવ્યું પણ હોય.

મિત્રો, હું માનું છું કે આપણે સૌ ઈશ્વરના સંતાનો છીએ. ઈશ્વર તો સૌને એક સરખું જ આપતો હોય છે. આપણે આપણી બુદ્ધિ અનુસાર એને પ્રાપ્ત કરીએ છીએ. મુકેશ અંબાણી, અમિતાભ બચ્ચન, વિરાટ કોહલી કે જેક મા, કે જૈફ બેઝોસ હોય કે નરેન્દ્ર મોદી ... આ બધાને ૨૪ કલાક જ કામ કરવાના મળે છે. છતાંય તેઓ કંઈક એવું કરે છે તે આપણે નથી કરી શકતા. જીવનનું એક સત્ય એ પણ છે કે જો તમારી પાસે જે નથી નથી તે મેળવવું છે તો આજસુધી જે નથી કર્યું તે કામ કરવું પડશે. એક પરીક્ષામાં પાસ નાપાસ બન્ને થતા હોય છે પણ નાપાસ થનારે એટલી મહેનત નથી કરી હોતી જેટલી મહેનત પાસ થનારે કરી હોય છે. બાકી અભ્યાસક્ર્મ, પ્રશ્નો, સમય બધુ જ એકસરખું જ હોય છે બધા માટે. છતાંય પરિણામ જુદું જુદું. બસ જીવનમાં પણ આવું જ છે. આપણે ભૂતકાળની એક બે દૂર્ઘટનાને કારણે ભવિષ્યની અનેક સારી સારી તકોને ગુમાવી બેસીએ છીએ. જીવન અને સમય હંમેશાં પરિવર્તનશીલ હોય છે. વ્યક્તિએ હંમેશાં પોતાનામાં બદલાવ લાવવા તૈયાર રહેવું જોઈએ. પરિવર્તન એ જ સફળતાનો પાયો છે. સમયની સાથે પરિવર્તન જરૂરી છે. કેમ કે પ્રકૃત્તિ પણ દર ચાર મહિને પોતાનામાં પરિવર્તન લાવે છે. પરંતુ આપણે વર્ષો પહેલા આપણા મનમાં ઠસી ગયેલી વાતોને જીવનભર છોડતા નથી. જેને કારણે ઘણીવખત આપણા સ્વભાવને કારણે આપણા સંતાનોને સહન કરવું પડે છે. આપણી કરુણતા એ છે કે પક્ષીઓએ પણ પરિવર્તન સ્વીકારી લીધું છે અનેક શહેરોમાં વૃક્ષો નામશેષ થવાથી પક્ષીઓને આપણે ઘરની છત પર કે ઘરની બારી પરના છજા પર રાતભર બેઠેલા જોઈ શકીશું. અને તેમના માળા પણ વૃક્ષોને બદલે ઘરની બહાર લટકતા એ.સી.ના આઉટર પર જોવા મળે છે.



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

મિત્રો, આપણે આપણા જીવન વિશે વિચારીશું તો આપણને પણ ઘણીવાર એવી તક મળી હશે પણ આપણે એને ઓળખી નહીં શક્યા હોય અથવા એની અવગણના કરી હશે અથવા વ્યક્તિગત કે પારિવારિક વૈચારિક સંકૂચિતતાને કારણે કે આપણા ખુદના શંકાશીલ સ્વભાવને કારણે એ આવેલી "તક"ને આપણે જવા દીધી હશે. આવા સમયે આપણે ભાગ્યને વચ્ચે લાવીને જાતને સમજાવીએ છીએ. પરંતુ ભાગ્ય પણ જે વ્યક્તિ પરિશ્રમ કરે એની સાથે જ હોય છે. એ એટલું જ સત્ય છે. અને પરિશ્રમ થકી ભાગ્યને ય બદલી શકાય છે. મારા અભ્યાસથી હું સમજ્યો છું કે આપણામાં સૌથી મોટો પ્રોબ્લેમ હોય તો એ એ છે કે આપણી સામે જ્યારે પણ કોઇ નવી વાત આવે ત્યારે આપણે એને શંકાની નજરે જોઈએ છીએ. મૂલવીએ છીએ. પરિણામે એ વાત આપણે જે રીતે સમજવી જોઈએ તે રીતે સમજી શકતા નથી. કેમ કે એ સમજતી વખતે આપણી બુદ્ધિના દરવાજે જ શંકાનો એક મોટો કીડો બેઠો હોય છે જે પોઝિટીવ સમજણને અંદર જવા દેતો નથી અને નકામા નેગેટિવ વાયરસો ઊભા કરીને આપણા માનસને બગાડે છે આપણને યથાવત પરિસ્થિતિમાં જ રાખે છે. અને આપણે આવેલી તકને ગુમાવી દઈએ છીએ. હું માનું છું કે આવું તમારી સાથે કેટલીયે વાર બન્યું હશે જ. અને માણસમાત્રનો સ્વભાવ છે કે જે વસ્તુંમાં એક વાર છેતરાયા હોય એમાં ફરીવાર ના પડવું. અથવા જે ધંધામાં એક વાર નિષ્ફળ ગયા હોઈએ એમાં ફરીથી પ્રયત્ન ના કરવો. આવી બધી માન્યતા કે સમજણ લઈને આપણે જીવતા હોઈએ છીએ જે રીતે લાખો કરોડો લોકો જીવે છે.

મિત્રો, આપણે કદી નવું વિચારતા જ નથી. જે જિંદગી મળી છે, જે પરિસ્થિતિ મળી છે જે શિક્ષણ મળ્યું છે અનુભવો મળ્યા છે, જે સંસ્કાર મળ્યા છે જે સમજણ મળી છે એ બધુ લઈને આપણે વર્ષોથી ખુબ ઓછી આવકમાં જીવતા રહ્યા છીએ. દસ વીસ હજાર કમાવવા માટે સખત મહેનત કરીએ છીએ. દિવસના ૧૫/૧૬ કલાક નોકરી કે ધંધો કરીએ છીએ તો પણ પુરું થતું નથી. સંતાનોની સ્કૂલ ફી, હોસ્પિટલના ખર્ચા, આ મોંઘવારીમાં ઘરના ત્રણ ચાર વ્યક્તિનું પુરું કરવું કે એક બેડરૂમના નાના મકાનના હપ્તામાં જ આપણી મોટાભાગની ઉંમર વિતી જતી હોય છે. બાળપણથી જ સંજોગો, પરિસ્થિતિ અને એને કારણે આપણામાં વિકસેલી અસમજણ આપણને ક્યારેય આગળ વધવા દેતી નથી. કે નવું સાહસ કરવા દેતી નથી. કેમ કે આપણી બુદ્ધિને દરવાજે ૨૪ કલાક શંકાનો એક મોટો કીડો બેઠો જ હોય છે. અને આ કીડાને સોમાંથી બે ચાર લોકો જ મારી શકતા હોય છે જે આપણી આસપાસ હોય છે આપણા કરતા ઓછી આવડત હોવા છતાંય આપણા કરતા વધુ કમાતા હોય છે.

તો આવો, આપણે સૌ સાથે મળીને આપણી દુનિયા બદલીએ. જીવનમાં કંઈક પરિવર્તન લાવવાની હિંમત કેળવીએ, આપણા સૌના જીવનમાં એક એવી તક આવે જેની કદાચ આપણે વર્ષોથી રાહ જોઈ રહ્યા હોઈએ. અથવા એ તક આપણી રાહ જોઈ રહી હોય. અને એ તકને ઓળખવાની ઈશ્વર આપણને સૌને શક્તિ આપે અને સૌનું જીવન એક ઉત્સવ બનાવે. અસ્તુ.

9426060601.india@gmail.com

# ખુશી...યશ... અનુભવો...એટલુ જ નહીં દુ:ખ પણ વહેચવું જોઈએ

ઘણીવાર એમ થાય કે આપણી પાસે શું છે કે બીજાને વહેંચીએ.. આપીએ.. વાસ્તવમાં વહેંચવાની કે આપવાની વાત આવે એટલે પૈસાની વાત પહેલા જ દિમાગમાં આવી જાય..ખરેખર એવું નથી હોતુ.. પૈસા સિવાય પણ આપણી આસપાસ વહેંચવા જેવી ઘણી બાબતો છે..ખુશી...યશ.. અનુભવો....એટલુ જ નહીં દુ:ખ પણ વહેચવું જોઈએ..આમ જોવા જઈએ તો આ બધાની કિંમત આપણી પાસેના પૈસા કે બેંકમાં મુકેલી કોઈ પણ થાપણ કરતાં વધુ કિંમતી છે...આ થાપણોથી ખુશી...યશ.. અનુભવો ખરીદાતા નથી..આ બધાંની કિંમત આધુનિક શબ્દકોષના નવા શબ્દ પ્રમાણે વર્ચ્યુઅલ છે..


આપણી ભારતીય સંસ્કૃતિમાં 'વાટકી વ્યવહાર' ખૂબ પ્રચલીત શબ્દ છે..આપણા પાડોશી પાસેથી ઓચિંતી જરૂરીયાત માં બે ડુંગળી અને એક બટાકું પણ લીધું હશે. અને રસોઈમા કંઈક નવી વસ્તુ બનાવી હશે તો વાટકીમાં પાડોશીને આપ્યુ જ હોય .આ આપવાના ઉમળકાની કિંમત કોઈ આંકી નહી શકે..અને હા... આ વસ્તુ આપવાની સાથે કેટલીય સુખ દુ:ખ ની વાતો થઈ હોય અને બંને પક્ષે હૈયાનો ભાર હળવો કર્યો હોય તેવો મોટાભાગનાનો અનુભવ હશે.

આપણાં મનમાં ધરબી રાખેલી વાતો બીજાને શેર કરીએ તો હળવા તો થવાય જ.. સુખ..અનુભવ.. નિસ્વાર્થ રસ્તો બતાવવો... આવી સેવાઓની કિંમત અગણિત હોય છે. આ બધી બાબતો ૨૧મી સદીમાં કન્સલટન્સી નામે ચાર્જેબલ એટલે કે પૈસાથી મળતી થઈ ગઈ છે એ પણ સ્વીકારવું રહ્યું.

અનુભવે કોઈપણ ક્ષેત્રમાં સફળ થનાર વ્યકિત માને છે કે પોતાને

**પૈસા સિવાય ઘણી બાબતો વહેંચી શકાય છે**

મળેલી સફળતા... અને તેનો યશ પણ વહેંચવો જોઈએ.. આપબળે કોઈ સફળતા પામતું નથી.. વ્યાપાર ધંધા, ઓફિસો, સામાજિક કામો, સેવાધર્મ કરવાં માટે પણ ટીમ ...આપણી સાથે કામ કરનારનો સાથ સહકાર એટલો જ જરુરી છે ..એકલે હાથે સફળતા મળતી નથી ... રમતવીરની મહેનત ખરી પણ તેના કોચ એટલે કે તાલીમ આપનાર પણ એટલો જ સફળતાના યશનો ભાગીદાર હોય છે. જીવનમાં બધા સારાવાના થયા હોય અને સામાજિક કે ધંધાકીય સફળતાના શિખરો સર કર્યા હોય ત્યારે એક યુનિવર્સલ વાત બધાય નિઃશંક સ્વીકારી ને જાહેર માં કહેતા હોય છે કે બધો યશ મારી પત્ની કે પતિ,પરિવાર કે સંસ્થાના કર્મચારી કે એમ્પ્લોઈને છે.. એવું સફળતા પામનાર જાહેરમાં સ્વીકારે છે .અહી યશ વહેંચવાથી વિશ્વાસના અનેરા સંચાર ની લહેર ચાલે છે. પારિવારિક , સામાજિક અને વ્યવસાયિક સબંધોનું બોન્ડિંગ એટલે કે મજબૂતાઈ લોખંડથીએ વધી જાય છે..



**વાત-વાતમાં**

પલ્લવ પટેલ

હા.. એ પણ સ્વીકારવું રહ્યું કે જગત માં એવાય માણસો છે કે બધું જ 'મે કર્યુ', 'મે કર્યુ ' છે તેવું રટણ હંમેશા કરતા જ રહે છે.બીજા કશું જ કરતા નથી તેવા ગાણા સતત ગાતા રહે છે.. સફળતાના યશ વહેંચી ભાગીદાર કોઈને બનાવવા નથી માંગતાં.. મે કર્યુવાળા હંમેશા એ લઘુતાગ્રંથીથી પીડાતા હોય છે કે બીજા યશ ના ભાગીદારી બનશે તો મને કોઈ પૂછશે નહિ..

વાસ્તવમાં એવું હોતું નથી.. બધું જ આપણી આસપાસના બધાજ જાણતા હોવા છતાં બીજા ને યશ લેવા દે છે.. યશ ના ભાગીદારી ન બનાવ્યા હોવા છતાં પોતાની 'મોટપ' સામે વાળાની ખુશીમા નિસ્વાર્થ વહેચે છે.

પ્રો. સતીષ ધવન ઈસરોના વડા હતા ત્યારે એસ એલ વી- ૩ મિશન નિષ્ફળ ગયું ત્યારે સતીશ ધવને જાહેરમાં પોતાની જવાબદારી સ્વીકારી હતી.એક વર્ષ પછી જ્યારે આ મિશન સફળ ગયું ત્યારે ડોકટર કલામ સહિતની આખી ટીમને તેની ક્રેડિટ આપી યશના ભાગીદાર બનાવ્યા હતાં.ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને મિસાઈલ મેનથી આપણે ઓળખીએ છીએ તે એ. પી. જે. કલામે આ પ્રસંગ વારંવાર પબ્લિકમાં શેર કરતા.

આથી જ કૉર્પોરેટ વ્યવસ્થામાં ટીમ વર્ક ને ખૂબ મહત્વ અપાય છે અને યશના ભાગીદારી બનાવી ઉચ્ચતમ સફળતાના શિખરો સર કરતાં રહે છે. યશ વહેંચવો એટલે કે આપવો એ કોઈપણ પારિવારિક , સામાજિક અને વ્યવસાયિક પ્રતિષ્ઠાનોમાં પ્રોત્સાહન નામનું ' ટોનિક' સૌથી અઅસરકારક છે એ સ્વીકારવું જ રહ્યું.